षोडश साधन प्रारंभ.

श्री श्रेयस्साधकअधिकारिवर्गनो

१८ मो महोत्सव.

स्थळ—नर्मदातटस्थित श्री अङ्कारेश्वर.

भालेश्वर.

प्रसिद्ध करनार

श्री श्रेयस्साधकअधिकारिवर्ग

[illegible]

[illegible] अमदावाद.

संवत १९७० प्रत ५०० [illegible]

मूल्य रु. ०—२—०.

॥ ॐ श्री ॥

षोडश साधनसमारंभ.

(ફાલ્ગુન શુકલ પૂર્ણિમા બુધવારથી ફાલ્ગુન કૃષ્ણ પષ્ઠી મંગળવાર સં. ૧૯૭૦)

[સ્થલ—નર્મદાતટસ્થિત શ્રી અર્બુદેશ્વર મહાદેવ—માલસર,]

(તા. ૧૧-૩-૧૯૧૪થી ૧૭-૩-૧૯૧૪)

कीर्तनो.

आरभक नति.

પદ. ૧ (ભક્ત ન પણુ આપનો માની, એ લય)

જય જય જગ વિશ્વપતિ ! આજ આ સ્વીકારો નતિ:
યદ્યપિ મંદમતિ, તોય પ્રભુ ધારો પ્રીતિ.
પ્રભુ આપનુ સ્વરૂપ સુંદર, નિરખીએ બહિર્ અંતર્,
સાધન સાધીએ તદર્થ, થઇ અભિમુખ આપપ્રતિ;—
સઘળા દુરિતો પ્રભુ કાપી, અમ યત્ને સુગમતા આપો,
આપની કરાવો ઉરે, આજ નાથ ! દૃઢ પ્રતીતિ,—
જીવપદ જે દુઃખનુ દાતા, તેમાંથી ઉદ્ધારી ત્રાતા !
સત્ય સ્વરૂપ અનુભવવા, દો ગુરુવર ! ત્વરિત ગતિ.—
શરણાગત નિજ જન જાણી, અમઉપર અનુગ્રહ આણી,
નરહરિ પ્રભુ આજ કરો, પ્રવૃત્તિ અમ સુફલવતી;—

स्वागत.

પદ. ૨ (પ્રભુચરણોમાં એ લય.)

સાધકજનને, સ્નેહથી સ્વાગત દઇએ,
હૃદયે લઈએ, હરખાઇએ;—
સ્વાગત દેતાં સ્નેહથી, હૃદય એકરૂપ થાય,
તે કાળે ઉર હર્ષનાં, અશ્રુ આવી જાય;
આનંદ અતિ ઉપજાવીએ, ખુબ ખીલીએ, ખીલાવીએ,
દુઃખ ભૂલીએ, ભૂલાવીએ, અતિ અનન્ય થઇ રહીએ;—

સાધન વિધવિધ સાધીને, કરીએ ઈશ પ્રસન્ન,
થઈએ ગુરુઅનુગ્રહવડે, સંપત્તિસંપન્ન,
સત્પ્રયત્નમાં કસજો કટિ, નૃહરિ રટિ, જાશે મટી, પીડ સામટી,
સુખની ઘટિ, પછી અખંડ ભોગવીએ;--

પોતાના દુઃખાદિને ન નિવારનાર દાસનાં શ્રી ઇષ્ટ-પ્રતિ મર્મવચનો.

પદ. ૩(અમલ પીધો મે ઘુંટી, રામરસ અમલ પીધો મેં ઘુંટી, એ લય,)

સદા પ્રભુ ! કામ જ આવાં કરજો,
નિજ પ્રભુતાને નાથ ! વિસરજો;
આપનું જે જે સ્મરણુ કરે તેને, આપ કદાપિ ન સ્મરજો,
આધિ વ્યાધિ ઉપાધિ આપી, જીવન તેનુ હરજો,-
સ્મરતા નથી જે આપને કદીએ, તેનાથી પ્રભુ ! ડરજો,
દુર્ગુણી દુષ્ટજનોના મનોરથ ઉમંગે સઉ પુરજો,-
ધર્મીને ઘેર ધાડ અને ઘર, સુખે અધર્મીનુ ભરજો,
ધર્મનું રક્ષણકર્તા કહાવી, આમ જ પ્રભુ ! આચરજો;-
શરણાગતની કરવા કસોટી, તત્પરતા નિત્ય ધરજો,
નાસ્તિકને સ્વચ્છન્દિજનો આપ રાજ્યમા નિર્ભય કરજો,-
ભક્તજનોની ભાગશો ભીડ ન, જોઈ દુખો ન દ્રવજો,
વરગ્રૂહિ કદી અભક્તજનના, ઈપ્સિત સત્વર વરજો,-
આવાં કર્મ કરીને આપના, આપ જ યશ ઉચ્ચરજો,
કહે કોઈ સારૂ ખોટું (તો) બધિર થઈ, મનમાં જરી ન ચચરજો,-

જગન્નાથ.

સર્વત્ર રમણીયતાનું ભાન કરવા મનને ઉપદેશ.

પદ. ૪ (સ્વરૂપનો કરજે વિચાર, એ લય.)

રમણીયતાનુ ભાન, કર મન ! રમણીયતાનું ભાન,
રમણીયતાથી ભરી રહ્યું છે, આ સૃષ્ટિનુ સ્થાન,
તેમાંથી સર્વોત્તમ ગ્રહેજે, બનીને તું ગુણવાન; કર૦
વિચારવાટિકામાં ફરી લે જે, રમ્ય ગુલાબસમાન,
પરિમલ તેનો લઈને ફરજે, વિશ્વવિષે મસ્તાન; કર૦
હૃદયતણી રમણીયતા શી તે, જોવાપર ધર ધ્યાન,
તે રમણીયતામાંહિ હૃદયને, કરાવજે તું સ્નાન; કર૦
પરમ મનોહરતા આત્માની, કરજે તેનું પાન,
સમગ્ર વિશ્વવિષે નથી કોઇ, રમણીય એહસમાન; કર૦
સકલ રમ્યતા જોતાં થઈશ તું, રમણીયતાનું નિધાન,
પરિણામે રમણીયસ્વરૂપ થઈ, થઇશ પ્રકટ ભગવાન; કર૦

પ્રતિકૂલ પ્રસંગમાં પણ અંતઃકરણની શાંતિ રક્ષી રાખવા બોધ.

પદ. ૫ (અંતર રે, અહાહા, કરે ચાંદલીયો ચમકાર; એ લય.)

અંતરની શાંતિને, વીરા ! રહીએ રક્ષી સદાય,
થઈએ વિકળ ન કદીએ જરાય, ભલે થાવાનું હોય તે થાય રે;—
અનુકૂલ સ્થિતિમાં શાંતિને રક્ષી, રહેવામાં નથી કંઈ અધિક,
પ્રતિકૂલ સ્થિતિમાં પણ રક્ષી રહેતા, શાંતિને વિરલા કોઇક રે,—
વિઘ્નઉપર વિઘ્ન આવે ભલે પણ, ચળીએ ન ઉરથી લેશ,
મેરુવત્ સ્થિર થઇને રહીએ, અંતરથી અકલેશ રે;—
સંપત્તિ સર્વે જાય ભલે વા, થાયે સ્વજનથી વિયોગ,
પ્રસન્નતાથી સરીને અંતરૂ, કરીએ આત્મસયોગ રે;—
અસહ્ય વ્યાધિ આવે ભલે પણ, નિરામય નિજરૂપ,—
જોતા વ્યાધિના દુખથી રહીએ, ન્યારા સચ્ચિદ્રૂપ રે,—
વ્યવહાર વિધવિધ સેવીએ પણ રહીએ, અંતરથી અલિપ્ત,
જલમા સતત રહેતાં છતાં જેમ, થાતુ કમલ ન લિપ્ત રે,—
વળી વળીને નિજ સ્વરૂપ વિલોકી, શાંતિ અનુભવીએ નિત્ય,
ચલિત ન થઇએ શાંતિથકી કદી પામીને આત્મવિત્ત રે,—

જગન્નાથ.

શ્રી ઇષ્ટશરણપ્રાપ્ત પુરુષના સન્નિશ્ચયો.

પદ. ૬ સોરઠ.

તોડી જેણે જન્મમરણજંજાળ,
પછી તેને શુ કરવાનો કાળ,—
જીવન પિયૂષાબ્ધિમાં ગળીયુ,
દેહાસ્મિનું ભાન જ ટળીયું,
અજરામર પદ મળીયુ,— તેને શું કરવાનો કાળ.
બ્રહ્માગ્નિ ભડભડ સળગાવી,
પાપપુંજ દીધા પ્રજળાવી,
અનુભવભસ્મ લગાવી,— તેને.—
કરી કરીને એ શું બહુ કરશે,
પંચતત્ત્વનું તનુ આ હરશે,
(પણ જે) મરજીવા થઈ ફરશે,— તેને.—
પ્રભુ ભજીને જે પ્રભુતા પામ્યા,
તાપ ત્રિવિધિના જેણે વામ્યા,
સ્વરૂપે સહજ વિરામ્યા;— તેને.—
નિર્ભય રહે પ્રિય દલપત ! આજે,
નાથ નૃહરિ તુજ શિરપર રાજે,
ગુણ પ્રિયતમના ગાજે—તુજને શું કરવાનો કાળ.

(દલપતરામ.)

અંતર્યામીને અભ્યર્થના.

પદ. ૭ (મમ પ્રાણજીવનઆધાર, અરે મુજ જીવન વેલવાર, એ લય.)

મમ અંતર્યામી ઈશ !, વિનવું ચરણે નામી શિષ,
કાં નથી જાગતા રે;
કાં નથી જાગતા રે, નિંદ ન ત્યાગતા રે;—
સકલ વિશ્વના સ્વામી આપો છો, કહે શ્રુતિ કરી આઘોષ,
તુચ્છ સ્થિતિમાં પડી કાં રહો છો, માની પ્રભુ ! સંતોષ;
આપ અનંતૈશ્વર્યને નહિ કાં દાખતા રે;—
તુચ્છથી પણ પ્રભુ ! તુચ્છ સ્થિતિમાં પડી રહેવા છો સ્વતંત્ર,
અનેક કષ્ટ પણ શાને સહો છો, રહીને પ્રભુ ! પરતંત્ર,
કયા હિતઅર્થે કહેશો વેષ આ રાખતા રે;—
કષ્ટ સહેવાં હોય ભલે તો, સહેજો માની સુખ,
જ્યાંથી ત્યાંથી મર્મવચન શુણી, કાં થાતા હડધુત,
ઈશ્વરને છાજે આ ?, કાં નથી ભાળતા રે,—
અનંતજ્ઞાનૈશ્વર્યસમેત જે, આપનું પદ અતિ ઉચ્ચ,
છાંડી પ્રભુ ! તેને કેમ સેવો, જીવપદ આ અતિ તુચ્છ;—
કરવા સિદ્ધ શું ?, સ્થિતિ આવી પ્રભુ ! સાંખતા રે;—
ઈંદ્રાદિ દેવો પણ જે પદ, સેવી લહે કૃતાર્થ,
ચૌદ ભુવનમાં જેથી અન્ય, ઉત્કૃષ્ટ ન કોઈ પદાર્થ,
તે નિજ સામ્રાજ્યે પ્રભુ ! કાં ન વિરાજતા રે;—
જાણ્યું આપ માહાત્મ્ય ન ત્યાં લગી, ભલે ધર્યો આ વેષ,
પણ હાવે પ્રભુ ! જાણ્યા આપને, તજી દો જીવપ્રદેશ,
ઈશપદે આવી પ્રભુ ! રહો ઝટ શોભતારે;—

જગન્નાથ.

ઉક્ત પ્રકારનું જીવન ગાળવા પ્રબોધ.

પદ. ૮ (આંખવિના અંધારૂં રે, એ લય.)

રમ્ય જીવન કોઈ ગાળોરે, બંધુ ! મારા, રમ્ય જીવન કોઈ ગાળો.
સૃષ્ટિમાં સભર ભરી છે, જ્યાં ત્યાં રમ્યતા પ્રસરી છે,
નેત્ર ઉઘાડી ન્યાળો, ન્યાળો રે; બંધુ !
દૃષ્ટિએ ના'વે એ જો, અનુભવે ના'વે એ તો,
કલ્પનામાંહિ ભાળો, ભાળો રે; બંધુ !
કલ્પનામાં આજે જે, પ્રત્યક્ષ થતું કાલે તે,
(તેથી) કલ્પનામાં પણ મહાલો, મહાલો રે; બંધુ !

જગના જીવો જ્યાં ભ્રમતા, જે ભૂમિકામાં રમતા,
તેથી કાંઇ ઉપર ચાલો, ચાલો રે; બંધુ !
વિધવિધ વિષયોના સુખમાં, ધારો ના કેવલ મમતા,
તેથી પર વૃત્તિ વાળો, વાળો રે; બંધુ !
સ્નેહીને આપો જેવો, શત્રુને દો પણ તેવો,
(તમારા) રમ્ય જીવનનો ફાળો, ફાળો રે; બંધુ !
ભાવના ઉન્નત સેવી, જીવનરમણીયતા લહેવી,
શમશે તવ ક્લેશની જ્વાળો, જ્વાળો રે; બંધુ !

ज्ञान अर्पवा श्री गुरु प्रति विज्ञप्ति.

પદ. ૯ (હાંરે હું તો જાગીરે, હું તો જાગી, એ લય)

જ્ઞાન ગુરુ ! આપો રે, ગુરુ ! આપો.
આવ્યો શરણે અજ્ઞાન મારૂં કાપોરે; જ્ઞાન આપો.
લાગે મને ભારી સંસારસિંધુ તરવો,
માટે મને આપોને આપચરણત્રાપોરે, શરણ આપો.
મુજને ન સૂજે ગંતવ્યમાર્ગ મારો,
હારે મારે નેત્રે અભાનઅંધાપોરે; નેત્ર આપો.
અંતરમાં મારા હું અંધકાર ભાળું,
પ્રકટે કંઇ પ્રકાશ ઉરે આપ જો વ્યાપોરે, પ્રકાશ આપો.
વિશ્વમાં ગણાય ત્યારે કિંમત કંઇ મારી,
જ્યારે આપ, આપનો કરીને મને સ્થાપોરે: સ્થાન આપો.
સદ્ગુરુ ! દયા તો હવે હું પર કીજે.
કંઇક હવે કર્ણ ધરો મારા પ્રલાપોરે;—

विकट समये श्री इष्टाभिमुखता ए ज तेनी निवृत्तिनो मार्ग छे.

પદ. ૧૦ (કર લે સીંગાર, એ લય.)

ભજી લે ભગવાન્, સમય સમજીને, આજ વિકટ આ વેળ નિરખી લે-
ચોગરદમ ઉત્પાત ઉઠ્યો આ, સાવધ થઇને તે ઝખી લે !—
(પણ) ભય તું ધાર ન, હિંમત હાર ન, નયનનિકટ પ્રભુને પરખી લે;—
તારી નિકટ એ, નિત્ય પ્રકટ છે, એહ વિચારે પ્રથમ હરખી લે.—
આવા સમયે પ્રભુશરણે જા, પ્રભુ તુજ દુઃખને નિજ શિર ઝીલે !—

इष्टश्रीना प्रत्यक्ष आश्रयथी रहित थयेला अधैर्यप्राप्त बंधुओना करुणोद्गार.

પદ. ૧૧

સબલાશ્રયથી રહિત થયેલા, કોણ દિશે જઇશું,—હો બંધુ !
દયાહીન જ્યાં દેવ ત્યાં કોના, દયાપાત્ર થઇશું—

અણધાર્યો ઉત્પાત થતાં કો, હૃદયે લપટાઇશું—કોના—
આધિ ઉપાધિ હણે તો કોની, પુંઠે સંતાઇશું.
સહજ પ્રસંગે કાલા બની કો આગળ હરખાઇશું,–કોની—
સહજ સહજમાં આડા બની કોનાથી રીસાઇશું.
દુર્જનના કારીઘાવસમ શાં શાં વચનો સહીશું, બંધુ !
ભાગેલા કાનાસમ થાળીવિણ ક્યાં સંધાઇશું.
જેનાથી તેનાથી હાવે, આપણા સલવાઇશું, બંધુ !
એકલડા પડતાં મનમાં ને મનમાં હીજરાઇશું.
સૂર્યમુખી પણ સૂર્ય વિલાતાં આપણ કરમાઇશું–હાવે—
સૂત્ર વિલાતાં આપણ મણકારૂપ, શું વિખરાઇશું ?
બંધુ ! વળે શું ગમે તેટલા, આપણ અકળાઇશું–છો ને—
ભાગ્ય ભુંડાં ત્યાં આપણ કોને હવે દોષ દઇશું.
સાથે રહીને આ જીવનલગી, પ્રભુના ગુણ ગાઇશું--હાવે-
પ્રભુ કરુણાથી **નરહરિ**પદમાં સાથે અળપાઇશું

आधिने निवृत्त करनार हेतुओ.

પદ. ૧૨ (જન્મ ધરીને આવો રુડોરે, એ લય.)

મનના વ્યાધિથી કાં પીડાઓરે, સાવધ થઇને,
મનનુ શરીર આ સદ્ય સુધારો જી.
મનના વ્યાધિ પ્રકટતા ભાળી, અંતર્ વિકલ ન કરતા જી,
આપણે કારણ પ્રકટાવ્યાવિણ, આધિ ન કાંઇ પ્રકટતારે; સાવધ૦
આપણે પ્રકટાવેલુ કારણ, આપણે શકશું નિવારીરે જી,
પ્રયત્ન આદરવા કટિ કસજો, સાધક વીર વિચારીરે, સાવધ૦
જેવા ચિંતનમાં એ ભ્રમતુ, રંગ તેને તેવો લાગે રે જી,
નિરામયતાનો રંગ લાગે જો, સ્વરૂપચિંતને અનુરાગેરે; સાવધ૦
મનમાં ભાન સતત રહે જેનું, તદ્રૂપે તે થઇ જાતુરે જી,
રહેવા ઉન્નત ભાન આ મનને, કરજો 'અહંબ્રહ્મ' ગાતુંરે, સાવધ૦
ઉત્તમ માનસ વાતાવરણે, મનને નિરંતર રાખોરે જી,
ઉત્તમ પરિવેષ્ટનને કરીને, ઉત્તમ જ્યાં ત્યાં ભાખોરે; સાવધ૦
સર્વોત્તમ પદ **નરહરિ**નુ જે, તેમાં અહં દઢાવોરે જી,
પછી નિર્ભય બની ક્લિષ્ટ ચિંતનની, પ્રચંડ હોળી સળગાવોરે, સાવધ૦

अंतरमांथी उठता स्वरनुं कथन.

પદ. ૧૩ (સંકેલી વૃત્તિને વીરા બહારથી રે, એ લય.)

અંતરના ઉંડાણમાંથી ઉઠતારે, કોઇ સ્વરને સુણાતું.
પામે સુખ જે અંતરમાં પુનઃ ઉતારતારે, એવા સ્વરને સુણાતું.

સ્વરને શુણાવું, કાંઇ ધ્વનિને શુણાવું, કાંઈ મંત્ર શુણાવું,
કાંઇ વાણી શુણાવું;—

પ્રાણિમાત્રના હિતની વસ્તુ, પ્રાણીમાત્રની પાસ,
પણ તે પ્રકટ ન થાતી જો તે, તેનો કરે ન વિકાસરે; કોઇ૦
જેમ જેમ તે પર ઢાંકણુ દે, તેમ તેમ આવે છે દુઃખ;
કાંઇક સુખ મેળવવા જાતાં, થાય તે વસ્તુથી ઉન્મુખરે; કોઇ૦
ભલે કોટિ યત્નો સેવે પણ, જો ન જુએ તે એક,
નિ:સંશય સુખની પ્રાપ્તિથી, દૂર રહે તે છેક રે; કોઈ૦
અનુપમ હિત કરનારી એવી, એ વસ્તુ છે 'લક્ષ્ય',
તે પ્રતિ અભિમુખ થાનારાને, સુખ રહેતું પ્રત્યક્ષરે; કોઈ૦
લક્ષ્ય અને વળી પરમ લક્ષ્ય છે, એવા એના ભેદ:
લક્ષ્યસિદ્ધિ કરતો તે અંતે, પરમ લક્ષ્યે લે અભેદ રે; કોઇ૦
આવશ્યક કર્તવ્ય સ્વીકારે, લક્ષ્યરૂપે સઉ પ્રજ્ઞ;
પરમ લક્ષ્યમાં પામવું ધારે, સચ્ચિતપદ સર્વજ્ઞ રે; કોઇ૦
લક્ષ્યસિદ્ધિ કરતો તો એ પણ, ચુકે ન પરમ લક્ષ્ય,
નરહરિરૂપે રહે નિરંતર, થઈને સર્વાધ્યક્ષરે; કોઈ૦

શ્રી ઇષ્ટાનુગ્રહપ્રાપ્ત વૃત્તિની ઉક્તિ.

પદ. ૧૪ (કર્તાકી કુદરત ન્યારી ન્યારી, એ લય.)

ભવની આ ભાવટ મારી ભાગી,
મુજ લગની પ્રભુશું લાગી, હું અંતર જાગી,
ત્યાગી આ ઉપાધીનેજી.
મોહ ન મેં કાંઇ છોડ્યો, ઉલટો મોહનમાં જોડ્યો;
વૃત્તિઓ તેમાં અનુરાગી, મુજ૦
દૃષ્ટિ ન ખેંચી પાછી, લંબાવી તેને ઝાઝી,
પ્રભુને પામીને થઇ સુભાગી; મુજ૦
કોટિકામસરખો સ્વામી, વરણાગીયો વર પામી,
જો કે છોડી મેં વરણાગી, મુજ૦
પ્રભુએ પોતાની કીધી, અંકમાં મુજને લીધી,
બીજાએ જ્યારે પરિત્યાગી; મુજ૦
મુજપર નરહરિ અનુરાગ્યા, આવી મળીયા મોં' માગ્યા,
હું પણ મળી એમને મોં' માગી; મુજ૦

ગુરુકરુણાથી.

પદ. ૧૫ (મંજરીએ મનડું મોહ્યું રે, એ લય.)

અંજલિએ અમૃત પીધુંરે,
ગુરુકરુણાથી આજ, મેં તો, ગુરુકરુણાથી આજ,
અભ્યંતર શીતલ કીધુંરે, ગુરુ૦

ઝાઝ મોટું પામ્યા છતાં, આ ભવસિંધુમાંહ્ય;
કુશળતાભર્યા માનવી, હજી એ ગોથાં ખાય,
ઉતર્યું મુજ નાવડું સીધુંરે, ગુરુ૦

આકાશને પાતાલની, કંઇ કંઈ કરતા શોધ;
પણ નિજમાં શું છે રહ્યું, તેનો નથી પ્રબોધ,
મે તો મુજ સ્વરૂપ ચીન્ધ્યુંરે, ગુરુ૦

કંઇક વિષય વ્યવહારની, વિસ્તારે છે જાળ,
(પણ) ઉલટી પીડા પામતા, બની રહે કંગાલ,
મે મારૂં સમેટી લીધુંરે, ગુરુ૦

ગગનમંડલે ગતિ થઇ, સહજ સ્વભાવે મુજ,
નરહરિગુરુને ભાળતાં, ઉકલી ગઇ મુજ ધુંચ,
મુજ લક્ષ્યસ્થાન મેં વીન્ધ્યુંરે. ગુરુ૦

શ્રીઇષ્ટને અંતસ્તમ પ્રદેશમાં શોધનાર સાધકના ઉદગાર.

પદ. ૧૬ (નયને આવોને આજે વાલમા, એ લય.)

ઉતરીને આજે અંતરે, જોઉં કંઇક પ્રભુ જણાય,
છુપ્યા હશે શું મારા ભીતરે, મને કંઇક એમ થાય;— ઉતરીને૦

વૈખરીમાં હું શોધી વળ્યોરે, પણ પ્રભુ ન લહાય,
જોઉ હવે શું પરાપર જઇ, મને ભ્રાંતિ ત્યાં કઇ થાય,— ઉતરીને૦

સ્થૂલ સૂક્ષ્મ ને કારણ દેહમાંરે, થયો પ્રભુનો ન ભાસ,
જોઉં ઉતરી જરા હજી ઉંડે, છે મહાકારણે આવાસ ?— ઉતરીને૦

આલિક નહિ મળ્યા મનેરે, જોઇ વળ્યો પંચ પ્રાણ,
(હવે) જોઉ સમાનના અંતમાં, છે છુપાયા ત્યાં મુજ પ્રાણ ? ઉતરીને૦

સ્થૂલ ને સૂક્ષ્મ આ ઇન્દ્રિઓરે, તેમાં જણાય ન નાથ,
તેની મર્યાદાથી ઉંડે જઈ, જોઉં આવે છે હાથ ? ઉતરીને૦

અન્ન પ્રાણાદિ કોશમાંરે, મને થયા ન પ્રત્યક્ષ,
જોઉં કોશાતીત સ્થાનમાં, દીસે ત્યાં શું કોશાધ્યક્ષ; ઉતરીને૦

જ્યાં કંઇ હશે ત્યાં હશે મુજમાંરે, એ તો નિઃસંશય વાત,
ત્યારે પછી શું કઠિન છે, કરતાં એમને સાક્ષાત; ઉતરીને૦

જ્યાં જ્યાં ને જે જે ગણાય છેરે, ઉરે અંતસ્તમ પ્રદેશ,
ત્યાં હું શોધીશ પૂર્ણ ખંતથી, મારા નરહરિ પ્રદેશ; ઉતરીને૦

आंतर साधुताने जाणवा जीवदृष्टि असमर्थ होय छे.

પદ. ૧૭ (સાન આણી સાચી ભજ તું હરિ, એ લય.)
કોણ જુએ જાણે કો નરનારી, ગર્ભિત સાધુતા અમારી,
ઉપરનું જે જોયા કરે છે, અંતરમાં નવ જે ઉતરે છે,
ભાળે શું તેની દૃષ્ટિ બિચારી,—
ઉપરનાં છોડાં જોઇને ટાળે, માંહિ બદામને લેશ ન ભાળે,
બીજ શું તેને કદી જણાનારી;—
રચીપચી રહે જેહ અજ્ઞાને, શી રીતે આવી શકે તેને ધ્યાને,
ઘુડદૃષ્ટિ ક્યાંથી સૂર્ય જોનારી.—
જેના હાથેથી ન છૂટતી પાઇ, નિજ પરઅર્થે ન કદી ખરચાઈ,
(તે) જાણે શું નિઃસ્પૃહતાની ખુમારી;—
સહન કરે નહિ જે એક કે'ણુ, શુણાવે અન્યને સહસ્ર વેણુ,
(અમારી) ઉપેક્ષા તેને ક્યાંથી જડનારી;—
કાગનો વાઘ જોવાનો સ્વભાવ, તેને મળે ક્યાંથી જોવાનો લ્હાવ,
આંતર શુભ દૃષ્ટિ અવિકારી,—
જોઇ જાણી શકવા ન સામર્થ્ય, કલ્પના ખોટી કરીને તે વ્યર્થ,
ભ્રાંતિઓ ઉત્પન્ન કરતા ભારી;—
અંતરે ઉતરી જેહ જુએ છે, યથાર્થ રહસ્ય તેહ લહે છે,
જે પ્રતિ કરુણા પ્રભુએ પ્રસારી;—

आंतर अनुभव अकथ्य होय छे.

પદ. ૧૮ (લે ગયો ચીર મુરારી, એ લય.)
કહ ગયો જો દિલજાની, મે કૈસે કહું.
સહજમેં સમજી સકત ન કોહુ,
તોભી ન હૈ કછુ છાની; મે૦
મુખસેં સબહી બાત ન કીની,
અખિયાંસે કીની નિશાની; મે૦
હીયામેં કછુ કછુ સમજા દીયો,
મુસેં ન નીકલત બાની, મે૦
મુગા કયસે કહ સકતે હે,
કયા હે દુધ કયા પાની; મે૦
મનમેં સમજકે મનમેં રખના,
વોહ હે સચ્ચી મહાની; મે૦
ગુરુકલ લે કે જાઓ મુદ્દામેં,
સુનોંગે (જો) ખુદાકી મહેરબાની; મે૦

નામરૂપાતીત તત્ત્વનું નામ પાડવાની મુઝવણ.

પદ. ૧૯ (રસિયાની રીસ ટાળીરે, એ લય.)

શું કહીને હું બોલાવું રે, મારા 'એ' ને તો, શું કહીને હું બોલાવું રે.
નામ ન દેવાય તાણી, લજવાઇ જાય વાણી,
ત્યારે શી દેવી એંધાણીરે; મારા૦
એમને શું કહી બોલાવુ, કોની પાસેથી કઢાવુ,
નવું રડ્યું (નામ) કયાંથો લાવું રે, મારા૦
'ચિત્તચોર' કહુ શું હું ? ઉંહું ઉંહું ઉંહું ઉંહુ,
ચોરની તો થઉં વહુ રે; મારા૦
'સ્વામી' નામ કેવુ લાગે ? સંન્યાસીને એ તો લાગે,
મને તો એ જીભે વાગેરેઃ મારા૦
બોલાવું કહી 'શ્રીપતિ' ? (અરે !) એ તે શું હુ બોલી જતી,
શ્રીતે કોણુ થતી હતી રે; મારા૦
ત્યારે શું હું કહું 'પિયુ' ? પપૈયાએ કહેતા બહુ,
પપૈયો શું હું તે છઉં રે; મારા૦
'ચિદાનંદ' કહી લઉં લ્હાવો ? બળ્યો, આ શો શબ્દ આવો !
દીઠો એ શું બાવો બાવો રે, મારા૦
કહું ત્યારે રસીયાજી ! નાજી નાજી નાજી નાજી,
ચારવચ્ચે મરૂં લાજીરે; મારા૦
'કોટિકામ' કહું ત્યારે ? કામમાં તે છે શુ ભારે ?[1]
ચઢા'વો છે એને મારે રે,[2] મારા૦
કામ તો પડે ઘડીએ ઘડીએ, મોંએ આવ્યુ તે બડબડીએ,
(તો) આપણે બા છોભાં પડીએ રે; મારા૦
નામ ન જો કંઈ દેવાયે, નનામા તો એ કે'વાયે,
મારાથી એ શે સંખાયે રે; મારા૦
બીજું નહિ ગમે એકકે, બીજાને છો ફાવે તે કે',
હુ તો મારે કે'વાની 'એ' રે;
મારા 'એ' ને તો, 'એ' કહીને હું બોલાવું રે.

---

૧ કામમાં એટલું બધું શું છે અર્થાત્ કામકરતાં મારા સ્વાતી અધિક સુંદર છે. ૨ તિરસ્કાર દર્શાવવાને માટે ઘણી સ્ત્રીઓ 'એને તે શું મારે ચઢાવવો છે' એમ કહે છે.

' कोइ एक क्षणे '

પદ. ૨૦ (કોઈ એક સમે, એ લય.)

કોઈ એક જણે જગમાં જન્મી, કાંઇ કાંઈ સુંદર સુકૃત્ય કીધાં;
કોઈ એક જણે નિજ માનવ બન્ધુને સહાય કરી આશીષ લીધાં.
કોઈ એક જણે ગાઇ ગીત મધુર, કોઇકના હૃદયને શાંત કર્યું,
કોઇ એક જણે પ્રકટાવી પ્રસન્નતા, અન્યના હૃદયનું દુ:ખ હર્યું.
કોઈ એક જણે મહાવિપદ્દવિષે કરી સહાય, સાર્થક મિત્રધર્મ કર્યો;
કોઇ એક જણે શબ્દ શ્રવણ કર્યો નિજ આશ્રિતનો ઉપકારભર્યો.
કોઇ એક જણે જઇ એકાંતમાં, નિજ સ્વરૂપતણું રૂડું ધ્યાન ધર્યું;
કોઇ એક જણે ' દેશસેવા કરૂં ' એવું સાચા હૃદયનુ વચન ઉચ્ચર્યું.
કોઈ એક જણે નિજ ધર્મને કાજ, અધર્મપ્રતિ યુદ્ધને આદર્યું,
કોઇ એક જણે નિજ જીવન ગાળ્યું, તપાદિમાં એકાંતે શાંતિભર્યું.
કોઇ એક જણે વ્યવહારે રહી, સાચા સાધનથી સાધી ઉત્તમતા,
કહો બન્ધુ ! વિચારી મને તો જરા એવા, ' કોઈ એક જણુ ' તે
તમે શુ હતા ?

इष्टस्वरूपसुवर्णरसथी पोतानां हृदय रसवा साधकोने सुबोध.

પદ ૨૧ (સ્નેહ તો, કરો રે સાચો, એ લય.)

હૃદય રસોરે, બન્ધુ ! હૃદય રસો,
સાચા પ્રભુસ્વર્ણરસથી આજે હૃદય રસો.
ઇચ્છો છો થાવા સ્વર્ણરૂપ તમે તો,
ભઠ્ઠીનો તાપ જોઇ શાને ચસો; બન્ધુ !
તપ્ત થયા વિના રસાવું ન સહેલું,
એમ જાણીને અગ્નિમાંહિ ધસો; બંધુ !
રસ લાગવા પહેલાં તાવે તે ન્યાળીને,
અકળાઈ જઈને આધા જરી ન ખસો; બંધુ !
સાચો રસ લાગતાં તે કદી ન ઘસાશે,
ભલેને મોટા મોટા શસ્ત્રે ઘસો; બંધુ !
સાચો જો રંગ પ્રભુનો હોય ચઢાવવો તો,
પ્રભુના નિકટ દેશે આવી વસો; બંધુ !
શૂરા કહાવીને શાને કસોટીથી હારો,
તવાવા છતાંએ તેમાં અખંડ હસો; બંધુ !
હસતાને હરિ તો પોતે નિજરૂપ કરતા,
હરિપદે નરહરિરૂપે વિલસો; બંધુ !

कसोटीमां इष्टस्मरण न छोडवा सद्वृत्तिनां इष्टाभिमुखवृत्ति-प्रति वचनो.

पद. २२ (અલિ જોજે મનાતી ભોળી મેના, એ લય.)

આલી જોજે રસિયાથી છૂટી થતી,
છોડવશે તુજને, યુક્તિઓ કંઇ કંઇ એ લગાવી
ભોળી થઇને રખે તું ભરમાતી,
ભરમાતી તુજને, છટકી જશે એ લાગ લાવી.
એક કોડી નથી નિજ પાસ, એમ કદીક એહ જણાવશે,
ઐશ્વર્ય હીન એ હોય કેવલ, એમ વેંમ અણાવશે,
ભિક્ષુકથી પણ ભુંડી સ્થિતિને, એહ કદી બતલાવશે,
એતો ભ્રમાઇશ તું નહિ તો રૂપ ખરૂં દર્શાવશે.—
અલ્પજ્ઞપણું દર્શાવશે, સામર્થ્ય ન્યૂન લહાવશે,
ભય, ભ્રાંતિ, મોહ, મમત્વ આદિ, નિજવિષે પ્રકટાવશે,
કરી કૃતિ વિલક્ષણ કરી તારા ભાવને ભુલાવશે,
પણ જો ન છૂટીશ સંગથી તો અંકમાહિં ઝુલાવશે.—
બીજા વિષે તું મુગ્ધ થાયે એવો યત્ન ચલાવશે,
તુજ ચિત્ત અન્યે જાય, એવે પંથ તેહ પળાવશે,
પણ તે છતાં તું તેમનામાં, અધિક સ્નેહ દઢાવશે,
તો હસિત વદને પ્રિતમ તુજ, તુજને જ હૃદય લગાવશે.—

अंतिम जयजयकार.

पद २३. (દશદિશ શાંતિ કેવી છવાઇ. એલય.)

જય જય જય શ્રી નૃહરિ મહેશ ! જય ઉચ્ચારીએ.
કરી પ્રભુ ! આપપદઆશ્લેષ, અર્થો સારીએ.
સ્મરી સ્મરી આપનો આદેશ,
દરીએ આવી આંતર દેશ; અર્થો૦
ત્યજીને ઉરથી પંચ કલેશ,
વસીએ મહાનંદપ્રદેશ; જય૦
લહીએ શાંતિ ઉર હંમેશ,
કરીને નિજસ્વરૂપપ્રવેશ; અર્થો૦
જયજયકાર વદીએ દેવેશ !
અન્ય કથન નથી અવશેષ; જય૦

[illegible]

[illegible] સંગમની [illegible]

૩ [illegible] પણ [illegible] નિક્ષેપ [illegible]

[illegible] નહિ.

[illegible] અનેક [illegible]

[illegible] પણ કાર્ય [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ભોજનમાં ભાગ લેવો.

૧૨ [illegible] [illegible] કરવો. પરંતુ [illegible] કરી [illegible]

[illegible] નિક્ષેપ ન કરવો

૧૩ [illegible] સમયમાં સાધુઓએ [illegible] વ્યાવહારિક વાતો નહિ કરવી, પરંતુ સંયમને [illegible] વાતો કરવી, નહિ તો [illegible] જપ, સદ્વિચાર આદિનું સેવન કરવું.

૧૪ આ નિયમોનો [illegible] ભંગ કરનાર સાધુઓ [illegible] [illegible] અનધિકારી [illegible] આવશે.